ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪



અજય પોતે સ્ટાર તરીકે પણ સફળતા ઇચ્છે છે.આ ફિલ્મમાં તે ડીસીપી બાજીરાવ સિંઘમ તરીકે તો છે જ પણ સાથે એસીપી સંગ્રામ ‘સિંબા’ ભાલેરાવ તરીકે રણવીર અને ડીસીપી વીર સૂર્યવંશી તરીકે અક્ષય કુમાર એસીપી સત્યા તરીકે ટાઇગર શ્રોફ અને એસપી તરીકે દીપિકા પણ છે

## અજય ‘અગેન’

મલ્ટી સ્ટાર ફિલ્મો ઓછી બને છે અને તેનું મોટું કારણ બજેટ હોય છે. બીજું કારણ ઘણા સ્ટાર્સ ભેગા કરવા તે હોય છે. ભેગા કરી લીધા પછી ફિલ્મ પૂરી થાય ત્યાં સુધી સંભાળી રાખવા તે હોય છે. જો કે હવે પહેલાં કરતાં વધારે પ્રોફેશનાલિઝમ આવી ગયું છે એટલે એક વાર કરારબદ્ધ થયા પછી સ્ટાર્સ બહુ વાંધાવચકા કાઢતાં નથી. દિવાળીએ ‘સિંઘમ અગેન’ આવી તેનું કારણ આ જ છે. પહેલી વાત તો એ ક કે તેના નિર્માતા તરીકે અજય દેવગણ છે અને સાથે રોહિત શેટ્ટી છે કે જે આ ફિલ્મનો દિગ્દર્શક છે. ત્રીજા નિર્માતા તરીકે જયોતિ દેશપાંડેનું નામ છે જે આ પહેલાં વાયાકોમ 18ની સીઇઓ ઉપરાંત એક મોટી વેપારી સંસ્થાની સહઅધ્યક્ષ રહી ચૂકી છે તે ત્રીસેક જેટલી ફિલ્મોનું નિર્માણ કરી ચૂકી છે. આનો અર્થ એ કે સિંઘમ અગેન બોકસ ઓફિસ પર ત્રાટકવા માટે જ બની છે. રોહિત આમ તો અત્યંત સફળ દિગ્દર્શક-નિર્માતા ગણાય છે પણ છેલ્લી ‘સિમ્બા’, ‘સૂર્યવંશી’ અને ‘સરકસ’માં તે ધાર્યો સફળ નહોતો ગયો. આ કારણે જ ‘સિંઘમ અગેઇન’ બનાવવામાં તેણે સમય લીધો છે. નિર્માતા તરીકેની છેલ્લી ‘રન-વે-34’, ‘ભોલા’ નિષ્ફળ ગઇ પણ ‘શૈતાન’ થોડી ચાલી હતી. હકીકતે ‘શેતાન’ બનાવેલી જ એટલા માટે કે તેમાં વધારે બજેટની જરૂર ન હતી અને ઝડપથી બને તેમ હતી. ‘સિંઘમ અગેઇન’ પર મોટો દાવ લાગેલો છે. તે રણવીર સીંઘ અને અક્ષય કુમાર, ટાઈગર, શ્રોફનો ય લાગેલો છે.આ બધા જ હમણાં નિષ્ફળતાથી હતાશ છે. રોહિત શેટ્ટી અને અજય દેવગણની પાસે કોઇ પારસ સ્પર્શ હોય તો આ બધા ફરી સોનાનાં થઇ શકે છે. અરે,આમાં તો અર્જુન કપૂર પણ છે જેનો ભાવ અત્યારે કોઇ પૂછતું નથી. રોહિતે તો ખાસ ભૂમિકા માટે સલમાન ખાનને પણ ‘ચુલબુલ પાંડે’ તરીકે હાજર કર્યો છે.ઉપરાંત કરીના કપૂર, દીપિકા પાદુકોણ તો છે જ. રોહિત શેટ્ટીને આટલા બધા સ્ટાર્સની ગરજ કેમ પડી? શું ફિલ્મની જરૂરિયાત છે? 350 થી 375 કરોડ રૂપિયાનું બજેટ છે એટલે દિવાળી ધમાકા તો થશે જ. એક સાથે 5-6 સ્ટાર્સનું ભવિષ્ય દાવ પર લાગ્યું છે. અજય દેવગણે કયારેય આટલા મોટા બજેટની ફિલ્મ બનાવી નથી. બની જ ગઇ પછી તે સાવધ પણ થઇ ગયો. તેણે આ ફિલ્મ 15 મી ઓગસ્ટ, 2024ના દિવસે રિલીઝ કરવી જ હતી. પણ પછી વિચાર્યુ કે દિવાળી જ પર્ફેકટ રહેશે. હમણાં સલમાન, શાહરૂખ વગેરે પણ દિવાળી રિલીઝમાં નથી હોતા એટલે ‘સિંઘમ અગેન’ આવી છે. હવે તો લોકો ટ્રેલર કેટલું સફળ રહ્યું તેની પર પણ નજર રાખે છે અને આ વર્ષના ખૂબ સફળ ટ્રેલરમાં આ ફિલ્મ રહી છે. અજય દેવગણ પોતે સ્ટાર તરીકે પણ સફળતા ઇચ્છે છે. આ ફિલ્મમાં તે ડીસીપી બાજીરાવ સિંઘમ તરીકે તો છે જ પણ સાથે એસીપી સંગ્રામ ‘સિંબા’ ભાલેરાવ તરીકે રણવીર અને ડીસીપી વીર સૂર્યવંશી તરીકે અક્ષય કુમાર એસીપી સત્યા તરીકે ટાઈગર શ્રોફ અને એસપી તરીકે દીપિકા પણ છે. પોલીસ અધિકારીઓની જાણે મોટી ફૌજ ઉતારી છે અને ચુલબુલ પાંડે તેમાં ખાસ બનીને ઉતરશે. આટલા બધા પોલીસ અધિકારીને કેમ જરૂર પડી? અજયની આ વર્ષે ‘શૈતાન’, ‘મેદાન’ અને ‘ઔરોમેં કહા થા દમ’ આવી ચૂકી છે પણ અજય તેમાં પૂરતો દમ બતાવી શકયો નથી. હવે તેને પૂરો મોકો છે. દેખતે હે કયા હોતા હૈ. જૂની બાજીના ઘણા એક્કા ઉતારવાથી નવી બાજી જીતાતી હોય તો ‘સિંઘમ અગેન’ જલસો કરાવશે. ●

સ્ટાર દમ

ગ્લેમર



## તૃપ્તિના દિવાળી ધમાકા!

કોઇ હીરો કે હીરોઇનની લાગલગાટ બબ્બે ફિલ્મ રજૂ થાય તેવું આજકાલ ઓછું બને છે પણ વિકી વિદ્યા કા વો વાલા વિડીયો પછી ‘ભુલભુલૈયા-3’ ફિલ્મ રજૂ થઇ રહી છે. બંનેમાં તૃપ્તિ ડિમરી છે અને અત્યારે આ ડિમરીના નામની ડમરી ચડી રહી છે. આ નવેમ્બરમાં જ તેની ‘ધડક-2’ પણ રજૂ થવાની છે એટલે તમે કહી શકો કે તેની તો દીવાળી થઇ ગઇ. યશરાજનું બેનર શર્વરી (વાઘ)ને પણ આવતી કાલની સ્ટાર તરીકે ઓળખાવે છે. અલબત્ત, આ માર્કેટિંગ છે પણ તમે તેને સંભાવના તરીકે પણ જોઇ શકો. તૃપ્તિની તો 2024ના વર્ષમાં જ ‘બેડ ન્યૂસ’ રજૂ થઇ છે. એક જ વર્ષમાં ચાર ફિલ્મ? દીપિકા પાદુકોણની ‘ફાઈટર’, ‘કલ્કી 2898 એડી’ રજૂ થઇ છે ને સિંઘમ અગેન’ રજૂ થશે. આલિયાની આ વર્ષે ફકત ‘જિગરા’જ આવી શકી. કિયારા અડવાણીની તો એક પણ ફિલ્મ નથી આવી. આ બધાની તુલનામાં તૃપ્તિ ખરેખર સેન્સેશન જરૂર ત્રણ ફિલ્મ છે પણ શ્રદ્ધા કપૂરની તો ‘સ્ત્રી-2’ જ આવી છે. એટલે તમારે તૃપ્તિ નવોદિત છતાં સારું કરી રહી છે એમ કહેવાશે. જો આ અત્યારની ત્રણ ફિલ્મો બોકસ ઓફિસ પર સારો દેખાવ કરે તો તેની હવા બની જશે. તૃપ્તિ પાસે જે પ્રકારની ફિલ્મો છે તે જોઈ કહી શકાશે કે તે આવનારાં દોઢ-બે વર્ષ સુધીમાં જે કાંઇ ધમાકા કરવા માંગશે તે કરી શકે. તે પોતાની કારકિર્દી બનાવવા 40-50 કે તેનાથી વધુ ઉંમરના સ્ટાર છે તેનો આધાર લેવાથી પણ બચે છે. સલમાન, શાહરૂખ, અક્ષય, અજય સાથે કામ કરવાથી લાભ જરૂર થાય પણ કોને વધુ થાય તે પણ વિચારવું જોઇએ. જો તમે તમારી તાકાત પર સફળતા ન મેળવી શકો તો આખર કોઇ ફાયદો નથી. તૃપ્તિ ઇચ્છે છે કે તેની ઈમેજ ચમકભરી હોય અને લોકો ચર્ચા કરે તો તેની કરે. સાથે જ છે. તેની પાસે ‘આશિકી-3’, ‘ધડક-2’ અને ‘ભુલભુલૈયા-3’ છે. સફળ ફિલ્મોની ફ્રેન્ચાઈઝીનો ફાયદો એ હોય છે કે લોકો એ ફિલ્મને ફરી જોવા તૈયાર હોય છે. આશિકીની અગાઉની બંને ફિલ્મોએ સ્ટાર આપ્યા છે અને આ વખતે તૃપ્તિ સાથે કાર્તિક છે. ‘ધડક-2’માં તેની સાથે સિદ્ધાંત ચતુર્વેદી છે તો ‘ભુલભુલૈયા’ની ત્રીજી ફિલ્મ ફરી કાર્તિક આર્યન સાથે છે જે 2024નો સફળ સ્ટાર છે. તૃપ્તિ તો હમણાં પરવીન બાબી પરની બાયોપિક માટે પણ તૈયારી કરી રહી છે. ●

**કિયારા જોકે એવા મિજાજની નથી છતાં આજના સમયે સાવધાની જરૂરી છે. સાવધાની એટલે પણ જરૂરી છે કે દિપીકા-રણવીરમાં દિપીકાને જ જેમ વધુ ફિલ્મો મળે છે તેમ કિયારા-સિધ્ધાર્થમાં કિયારાને જ વધુ ફિલ્મો મળે છે**

## કિયારા સબકી યારા

કિયારા અડવાણીએ હજુ તેની અટક બદલીને મલ્હોત્રા નથી કરી. જે હીરોઇનોની કારકિર્દી હજુ ટોપ પર જતી હોય તેના પતિ આ રીતે અટક ન બદલવાથી અસલામતી અનુભવતા હોય છે. કિયારા જોકે એવા મિજાજની નથી છતાં આજના સમયે સાવધાની જરૂરી છે. સાવધાની એટલે પણ જરૂરી છે કે દિપીકા-રણવીરમાં દિપીકાને જ જેમ વધુ ફિલ્મો મળે છે તેમ કિયારા-સિધ્ધાર્થમાં કિયારાને જ વધુ ફિલ્મો મળે છે. હમણાં સિધ્ધાર્થ મલ્હોત્રાએ મીનાકુમાર- કમાલ અમરોહીના સંબંધના આધારે ફિલ્મ બતાવવા માંડી છે તો તેમાં કિયારાને મીનાકુમારીની ભૂમિકા મળી છે. કમાલ ઔર મીના નામની ફિલ્મમાં કમાલ જે બનશે તે પણ લોકો તો મીનાકુમારીના પાત્રને જ જોવું પસંદ કરશે. કિયારાના માટે આ એક બહુ જ જવાબદારીવાળી ભૂમિકા કહેવાય કારણ કે મીનાજી ટ્રેજેડી કિવન તરીકે ઓઇખાતા હતા. પણ કિયારા પાસે એવી મહત્ત્વાકાંક્ષી ફિલ્મ એક નથી. વોર-2માં તે ઋતિક અને જુનિયર NTR સાથે છે. એ ફિલ્મ અયાન મુખરજી જેવા દિગ્દર્શક બનાવી રહ્યા છે. કિયારાએ આજ સુધીમાં બહુ નથી સફળ ફિલ્મો આપી છે. એવું ય નથી પણ તેને આવનારા સમયની એક અસરદાર અભિનેત્રી તરીકે જોવામાં આવે છે. હકીકતે તેણે આટલા જલ્દી લગ્ન નહોતા કરવા જોઈતા કારણ કે પરિણીતા અભિનેત્રીમાં પ્રેક્ષકોને થોડો ઓછો રસ પડતો હોય છે. કુંવારી હોય (ભલે ચાર લફડા હોય) તો લોકોને સપના જોવામાં કમ્ફર્ટ રહે છે. અભિનેત્રીએ કુંવારાપણાને પણ બિઝનેસ ટ્રિક તરીકે વાપરવાનું હોય છે.

ખેર! કિયારા તેના રસ્તે આગળ વધી રહી છે અને ફિલ્મ જગતમાં તેની ઓળખ એક મેચ્યોર વ્યક્તિ તરીકે ઊભી થઇ છે. આ કારણે જ મોઠા નિર્માતા-દિગ્દર્શકો તેની પર ભરોસો કરે છે. સંજય લીલા ભણશાલી અત્યારે તો બૈજુબાવરા બનાવવામાં આગળ નથી વધ્યા પછી તેમાં તેમણે આલિયા ભટ્ટ અને કિયારાને ભૂમિકા આપી એ પોતે જ સૂચવે છે કે કિયારા કલાસિક્સ માટે તૈયાર છે. અરે નયનતારા, વિકી કૌશલ સાથેની ભણશાલીની ફિલ્મમાં પણ કિયારા પસંદ કરવામાં આવી છે. ફિલ્મ બને ન બને પણ તેનાથી કારકિર્દી બની જતી હોય છે. એટલે જ કિયારા પાસે ફરહાન અખ્તરની ડોન-3 ધ ફાલનલ ચેપ્ટર પણ છે. કિયારા ઉતાવળે એવી ફિલ્મ નથી લઇ લેતી કે જે ઉતાવળમાં બનવાની હોય અને કોઇ પણ સ્ટાર્સ હોય તે પોતાની પસંદગીમાં સ્પષ્ટ છે અને નીચા ધોરણ સ્વીકારતી નથી. સ્પાઈડરમાં તે જાન્હવી અને નવાઝુદીન સિદીકી સાથે કામ કરી રહી છે. એસ. શંકર દિગ્દર્શીત ગેમ ચેંજરમાં તે રામચરણ, એસ.જે. સૂર્યા જેવા સાઉથના ટોપ સ્ટાર સાથે છે અને એ ફિલ્મ આ જાન્યુઆરીમાં રજૂ થવાની છે. કિયારાએ ખૂબ રાહ જોવડાવી છે એવું જરૂર કહેવાશે અને 2024નું વર્ષ ખાલી રહ્યું છે પણ 2025માં તે સરભર કરશે. ●

લાઇમ લાઇટ

